# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


પગાર/૨૦૨૬/ 12111 તા. ૦૧/૦૯/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
અનુદાનિત ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ, તમામ.
સુરત, જિલ્લો-સુરત.

ર/- શિક્ષણ વિભાગ, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2022/1855/CH (Letter No: ED/1788/07/2026), તા.૦૩/૦૮/૨૦૨૬ અને પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: DPE/MRB/e-file/105/2026/4075/Kh-2 (Letter No: DPE/0204/08/2026), તા. ૧૪/૦૮/૨૦૨૬ થી રાજ્યની અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને 'ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫' ની જોગવાઈ મુજબ મેડીકલ રીએમ્બર્સમેન્ટ (તબીબી ખર્ચ પુનઃચુકવણી) નો લાભ આપવાનું ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ

(ડૉ. ભગીરથસિંહ એસ. પરમાર)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત,જિલ્લો-સુરત.

અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોને મેડીકલ રીએમ્બર્સમેન્ટનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ- **ED/MIS/e-file/3/2022/1855/CH**

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૪/૦૮/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક: એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ(પા.ફા.).

(૨) શિક્ષણ વિભાગનો તા.૦૫/૦૩/૧૯૮૦ નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૭૯-ખ-૫૫૩૫-ગ.

(૩) નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગરના તા.૦૫/૦૪/૨૦૨૪ના પત્ર ક્રમાંક:પ્રાશિનિ/ખ-૨/કોર્ટકેસ/૨૦૨૪/૧૨૧૨ થી કરેલ દરખાસ્ત.

પ્રસ્તાવના :-

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૪/૦૮/૨૦૧૫ ના ઠરાવથી ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓ માટે ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેમજ ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૦૫/૦૩/૧૯૮૦ના ઠરાવથી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને સરકારી કાર્મચારીઓના ધોરણે મેડીકલ રીએમ્બર્સમેન્ટનો લાભ આપવાનું ઠરાવેલ છે. તે મુજબ ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૩) થી નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરીએ તા.૦૫/૦૪/૨૦૨૪ના પત્રથી અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોને પણ ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ મુજબ લાભ આપવા અંગે દરખાસ્ત રજૂ કરેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણને અંતે, ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૪/૦૮/૨૦૧૫ ના ઠરાવથી પ્રસિદ્ધ કરેલ ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓ માટે ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ ની જોગવાઇ મુજબ અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોને મેડીકલ રીએમ્બર્સમેન્ટનો લાભ આપવાનું આથી, ઠરાવવામાં આવે છે.

પ્રસ્તુત ઠરાવનો અમલ તેની પ્રસિદ્ધિની તારીખથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ઇ-ફાઇલ પર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તા. ૨-૭-૨૬ ની નોધ, નાણા વિભાગની તા. ૧૩-૭-૨૬ ની નોંધ અને સરકારશ્રીની તા.૨૮/૦૭/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. જે. ચૌધરી)

સેક્શન અધિકારી,

શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીના અંગત સચિવશ્રી,માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ) શિક્ષણના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)ના અંગત સચિવશ્રી. સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા વિભાગ)ના અંગત સચિવશ્રી. સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી. સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- તમામ સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળની કચેરી(પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી(પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- શાખા સિલેક્ટ ફાઇલ
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ

Signature Not Verified

Signed by Rameshbhai Chaudhari
Section Officer
Date:2026.08.03
11:19:09 +5:30



ક્ર: DPE/MRB/e-file/105/2026/4075/Kh-2
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોક નં-૧૨/૧, ડૉ.જિ.મ.ભવન,
સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦
તા. E-sign મુજબ

૨/- જાણ તેમજ અમલવારી સારું.

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
-જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, જિ. તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી, જિ. તમામ

<u>નકલ રવાના (જાણ સારું):</u>
-જિલ્લા તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિ. તમામ
-સ્થાનિક હિસાબ ભંડોળની કચેરી, જિ, તમામ